ભિલોડા તાલુકાની જેસીંગપુર જીલ્લા પંચાયત સીટની પેટા ચુંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

ભિલોડા, તા.૨

સાબરકાંઠા જીલ્લાના ભિલોડા તાલુકાની ૨૩-જેસીંગપુર જીલ્લા પંચાયત સીટની પેટા ચુંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો.આજે તા.૨/૭/૨૦૧૩ ને મંગળવારના રોજ ભિલોડા મામલતદાર કચેરીમાં ચુંટણી અધિકારી,પ્રાંત અધિકારી બી.ડી.પરમાર અને ભિલોડા મામલતદાર એ.કે.જોષીની અધ્યક્ષતામાં ૨૩-જેસીંગપુર જીલ્લા પંચાયત સીટની પેટા ચુંટણીની મતગણતરી યોજાઈ હતી.૨૩-જેસીંગપુર જીલ્લા પંચાયત સીટના ભાજપના ઉમેદવાર નાનજીભાઈ કચરાભાઈ કલાસવા ૧૬૪૫ મતોથી વિજયી બન્યા હતા.૨૩-જેસીંગપુર જીલ્લા પંચાયત સીટના કોંગ્રેસના ઉમેદવાર પ્રેમજીભાઈ કાવજીભાઈ ડામોરનો પરાજય થયો હતો. સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાંતીલાલ પટેલ,ભિલોડા તાલુકા પંચાયત ભાજપ પ્રમુખ અમરતલાલ બરંડા,ભિલોડા તાલુકા પંચાયત ભાજપ ઉપપ્રમુખ ગજાનંદભાઈ પ્રજાપતી, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, ગુણવંતભાઈ ત્રિવેદી, જેસીંગભાઈ પટેલ,રાજુભાઈ નિનામા,મોહનલાલ પંચાલ સહિત ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરોએ અબીલ-ગુલાલની છોળો ઉડાડી હતી.ફટાકડાની આતશબાજી કરી,મીઠાઈની વેંહચણી કરી જશ્ન મનાવ્યો હતો.

૨૩-જેસીંગપુર જીલ્લા પંચાયત સીટની પેટા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર નાનજીભાઈ કચરાભાઈ કલાસવાને ૮૧૪૩ મત મળેલ હતા.૨૩-જેસીંગપુર જીલ્લા પંચાયત સીટની પેટા ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર પ્રેમજીભાઈ કાવજીભાઈ ડામોરને ૬૪૯૮ મત મળેલ હતા.

પ્રાંતિજમાં આંગણવાડીના નવીન મકાન માટે ખાદ્યમુહુર્ત કરાયું

પ્રાંતિજ, તા.૨

પ્રાંતિજ શહેરમાં આંગણવાડી અને બાલમંદિરનું નવીન મકાન બનાવવા માટે ગત રોજ ખાદ્યમુહુર્ત કરવામાં આવ્યું હતું. પાલિકાના વોર્ડ નંર ત્રણના કોર્પોરેટરો, જમીનદાતા તેમજ આસપાસના સ્થાનિકોની હાજરીમાં નાની બાળાઓએ કુમકુમ તિલક કરી તેમના હસ્તે મુહુર્ત કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના તપોવનફળા પાસે આવેલ જમીનદાતા સ્વ. ગોબરદાસ વાલજીદાસ રાવલ તથા સ્વ.સોમનાથ ગૌરીશંકર રાવલના પરિવાર દ્વારા પોતાના રહેણાંકની જમીનનો ભાંગ આંગણવાડી અને બાલમંદિર બનાવવા માટે પાલિકાને આપવામાં આવતા સ્થાનિક રહીશોમાં આનંદ છવાયો હતો અને જમીનદાતાઓનો આભાર માન્યો હતો. વોર્ડ નંબર ત્રણના કોર્પોરેટરોએ જણાવ્યું હતું કે તમે દાનમાં આપેલ જમીનમાં બાળકોના ભવિષ્ય અને તેમના સર્વાંગી વિકાસ માટે અમે અહીંયા આંગણવાડી અને બાલમંદિર બનાવીશું જેથી આસપાસના સ્થાનિકો રહીશોના બાળકોને અભ્યાસ અર્થે દુર જવું નહીં પડે તે માટે આંગણવાડી, બાલમંદિરનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે વોર્ડ ત્રણના કોર્પોરેટરો મુકેશભાઈ, પ્રહલાદભાઈ, કાંતિભાઈ તેમજ મકાન માલિક મહેશભાઈ રાવલ, મોહંમદભાઈ, જશુભાઈ, મનુભાઈ સહિત જમીનના દાતા હાજર રહ્યા હતા.

ઉમરેઠ પોલીસ મથકના એ.એસ.આઈ. શરીફમીયાનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ઉમરેઠ પોલીસમથકમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા શરીફમીયા વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ ઉમરેઠ પોલીસમથકમાં યોજાયો હતો. જેમાં પી.એસ.આઈ. મોઢીયાએ શરીફમીયાને ફુલહાર કરી નિવૃત્ત ટાણે સન્માનિત કર્યા હતા. તા. ૪-૨-૧૯૭૬ના રોજ પોલીસખાતામાં ભરતી થયા હતા અને ઉમરેઠ શહેર કપડવંજ, પેટલાદ અને આણંદ પોલીસમથકમાં નોકરી કરી ચૂક્યા છે અને પોતાની પ્રશંસનિય કામગીરી કરી ઉમદા સેવા આપી છે. જ્યારે તેઓ ૩૦ જૂન-૨૦૧૩ના રોજ વયનિવૃત્ત થતા અગ્રણી મહાનુભવો અને પોલીસકર્મીની હાજરીમાં યોજાયો હતો.

શબ્દાવલી - ૫૧૦૭



આડી ચાવી

૧. જગ્યા, ફાજલ સમય (૪)
૪. ગાયો રૂપી ધન (૩)
૬. આજે... માં શું મળ્યું, કમાણી (૩)
૭. વખાર, અનાજનું સંગ્રહસ્થાન (૩)
૮. કટોરી (૩)
૯. કાજ, કાર્ય (૨)
૧૧. તીખું હોવું, ... હોવી (૩)
૧૩. મુસ્લિમોનો ઉપવાસ (૨)
૧૫. સંત, સાધુ (૩)
૧૭. શિક્ષા (૨)
૧૮. કમબખ્તી, આફત (૩)
૨૦. રદ્દી પેપર (૨)
૨૧. સાચુ બોલનાર (૪)
૨૨. જૈન મૂર્તિને પહેરાવાતા શણગાર (૨)

ઊભી ચાવી

૧. ખરાબ દશા (૪)
૨. સત્ત્વ, સાર (૨)
૩. જેલ, કેદખાનું (૪)
૪. ઘોડા મારવા, ... મારવા (૨)
૫. શોખ, ચસકો (૪)
૭. અવાજ (૩)
૧૦. તોફાન, મસ્તી (૫)
૧૨. કત્લ કરનારો, ઘાતકી (૩)
૧૪. સાટા, વાનગી (૨)
૧૫. એક પ્રકારનો દીવો (૩)
૧૬. એક ચર્મરોગ (૩)
૧૭. દરજી, મેરઈ (૨)
૧૯. મદારી (૨)
૨૦. ગુરખો, ચોકીદાર (૨)

શબ્દાવલી ૫૧૦૬ના જવાબ

આડી ચાવી :- (૧) પિયાનો (૪) ગીધ (૬) કમાણી (૭) મર (૮) દાસ (૧૧) આરપાર (૧૩) અવનિકા (૧૫) ટસલ (૧૮) લકીર (૧૯) સમાનતા (૨૧) દમા

ઊભી ચાવી :- (૧) પિત્તળ (૨) નોકર (૩) અણીદાર (૪) ગીમ (૫) ધરણી (૯) સપાટ (૧૦) રાવ (૧૧) આકા (૧૨) રસ (૧૩) અતસલ (૧૪) નિસરણી (૧૬) લગાતાર (૧૭) કાસદ (૨૨) મામા

ગાંધીનગર શહેરના કૉમર્શિયલ વિસ્તારોમાં સરસ મજાના ફૂટપાથ અને પાર્કીંગ સ્પેસ તૈયાર કરવામાં આવી છે, પરંતુ શહેરના લોકોમાં પાર્કીંગ સેન્સ કે આદત બિલકુલ નથી એ બાબતના ઘણા પુરાવા નજરે ચડે છે. પ્રસ્તુત તસવીર ઘ રોડને સમાંતર સેક્ટર-૧૬ના કૉમર્શિયલ વિસ્તારની છે. (તસવીર : દીપક જાની)

અધિક કલેકટરની હઠના કારણે અરજદારોના કામો ટલ્લે ચઢયા

હિંમતનગર, તા.૨

ગુજરાત સરકાર પ્રજાના કામો સરળતાથી થાય તે માટે અસરકારક આયોજન કરે છે. ખડુતોને જમીનના લગતા પ્રશ્નોના નિરાકરણ માટે મહેસુલી કાયદાઓનું સરળીકરણ કરી અરજદારોને કામ માટે ધક્કા ખાવા ન પડે તેવા અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ કેટલાક અધિકારીઓ કાયદાનું ખોટું અર્થઘટન કરી અરજદારોના કામો ટલ્લે ચઢાવી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો સાબરકાંઠા જિલ્લામાં ઉઠવા પામી છે. અધિક જિલ્લા કલેકટર અરજદારોના કામો પ્રત્યે ઉદાસીનતા દાખવતા હોવાની તેમજ અરજદારોને હોદ્દાનો રૂઆબ બતાવી ધમકાવી કાઢી મુકતા હોવાની વ્યાપક બૂમો ઉઠી રહી છે ત્યારે જિલ્લા કલેકટરે અરજદારોના કામો સરળતાથી થાય તેવું આયોજન ગોઠવાય તેવી અરજદારો અપેક્ષા સેવી રહ્યા છે.

ખેડુતો અને અરજદારોના મહેસુલી પ્રશ્નો તેમજ સરકારી જમીનો ઉપર થયેલા દબાણો દંડ લઈ રેગ્યુલાઈઝ કરવા માટે સરકાર દ્વારા ઉદાર નીતિ અપનાવી લોકોના કામો સરળતાથી થાય તે માટે રાજય સરકાર કટીબધ્ધ છે. પરંતુ સરકારની પ્રજાલક્ષી નિતિઓ કેટલા અધિકારીઓના ભ્રષ્ટ વલણના કારણે બર આવતી નથી. સાબરકાંઠા જિલ્લામાં મહેસૂલને લગતી સેંકડો ફાઈલોનો સમય મર્યાદામાં નિકાલ થયેલ નથી અને આ ફાઈલો કલેકટર કચેરીની શાખાઓમાં આમથી તેમ ફરી રહી છે. અરજદારો પોતાના કામના નિકાલ માટે અધિક કલેકટરની રૂબરૂ મુલાકાત માટે જાય છે ત્યારે અરજદારને હોદ્દાનો રૂઆબ બતાવી ધમકાવીને કાઢી મુકવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

સાબરકાંઠા જિલ્લાની સરકારી કચેરીઓમાં અરજદારોના કામો પ્રત્યે અધિકારીઓ દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સાચા કામોમાં પણ અધિકારીઓ દ્વારા ખોટા ખોટા અર્થઘટનો કરી અરજદારોના કામો પ્રત્યે નકારાત્મક વલણ અપનાવવામાં આવી રહ્યું છે. અરજદારોના સાચા કામો ન થતાં ફરિયાદ કોને કરવી? અરજદારોની ફરિયાદ સાંભળવા પણ કોઈ તૈયાર નથી ત્યારે રાજય સરકાર પ્રજા લક્ષી કામો પ્રત્યે ઉદાસીનતા દાખવનાર અધિકારીઓ પ્રત્યે કડક વલણ અપનાવી લોકોના કામો સરળતાથી થાય તેવી લોક લાગણી પ્રવર્તી રહી છે.

પ્રાંતિજમાં પીવાના પાણીની વ્યવસ્થા માટે શહેરી વિકાસ નિગમે ૨.૪૦ કરોડ ફાળવ્યા

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ નગરના જુદા જુદા વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યાઓ હલ કરવા પ્રાંતિજ નગરપાલિકાના સત્તાવાળાઓએ રીવાઈઝ પ્રોજેકટ તૈયાર કર્યો છે. જેના અનુસંધાને ગુજરાત શહેરી વિકાસ દ્વારા આ પ્રોજેકટ માટે રૂ. ૨.૪૦ કરોડના વિકાસ કામો મંજુર કરી દીધા છે. આથી હવે પ્રાંતિજ નગરમાં પીવાના પાણીનો પેચિદો પ્રશ્ન હલ થશે.

પ્રાપ્ત મહિતી અનુસાર પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીરીશ પટેલના જણાવ્યા પ્રમાણે પ્રાંતિજ નગરની જનતાને પીવાના પાણીના પેચિદા પ્રશ્નને સરકારની યોજના અંતર્ગત રિવાઈઝ પ્લાન પ્રોજેકટ તૈયાર કરી ગુજરાત શહેરી વિકાસ નિગમને મોકલતા પાણી પુરવઠાની યોજનામાં સરકારે રૂ. ૨.૪૦ કરોડની રકમ મંજુર કરી દીધી છે. પરિણામે પ્રાંતિજ રેલ-વે સ્ટેશન વિસ્તારમાં ટાંકી દશામાતા મંદિર મોટી ટાંકી, સંપ, નવાપુરા વિસ્તાર ટાંકી સંપ, નવાબાકળપુર સંપ, જેએગપુરા વિસ્તારમાં સંપ સહિતની જગ્યાએ ટયૂબવેલો પાઈપલાઈનો પંપહાઉસ વગેરે માટે રકમ વપરાશે તેમજ ચોમાસા બાદ આ વિકાસ કામો પ્રગતિમાં આવશે. ઉપરાંત શાકભાજી માર્કેટ, ફ્રૂટ માર્કેટ માટે ૧૫ લાખના ઓટલા બનાવી ગરીબ વેપારી વર્ગને વહેંચી ટોકન ભાડેથી ભાડે આપી રોજગારી સાથે ટ્રાફિકનો પ્રશ્ન પણ બજારમાં હલ થશે. આ સમગ્ર પ્રોજેકટ આગામી સમયમાં શરૂ થતા નગરની પાણીની પ્રાથમિક જરુરિયાતનો પ્રશ્ન હલ થશે આથી નગરજનોમાં આનંદ છવાયો હતો.

તાલુકા-જિલ્લા પંચાયતોની પેટા ચૂંટણીમાં ભગવો લહેરાયો

૨૨માંથી ભાજપને ૧૫ બેઠકો મળી કોંગ્રેસ પાસેથી આઠ બેઠકો માંગી : જાડેજા

અમદાવાદ, તા. ૨

ગુજરાતમાં ૧૪ જિલ્લાઓમાં યોજાયેલી તાલુકા અને જિલ્લા પંચાયતોની પેટા ચુંટણીમાં ભાજપને ૨૨ બેઠકોમાંથી ૧૫ બેઠકો મળી હોવાનું આજે પ્રદેશ ભાજપ પ્રવક્તા આઈ.કે.જાડેજાએ જણાવ્યું હતું. ચુંટણી પહેલાં ભાજપ પાસે પાંચ બેઠકો હતી અને પરિણામ બાદ વધીને ૧૫ થઈ છે.

રાજયમાં સાબરકાંઠા, મહેસાણા અને પોરબંદર એ ત્રણ જીલ્લાઓમાં જીલ્લા પંચાયતની ચૂંટણી હતી, ૩ પેટા ચુંટણીઓમાં ભાજપની પહેલાં ૧ સીટ હતી અને કોંગ્રેસની ૨ હતી. આજે જાહેર થયેલ પરિણામમાં ૩ સીટો ભાજપાને ફાળે ગઈ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જિલ્લાઓમં આજે ભાજપે ૧૨ સીટો પ્રાપ્ત કરી છે. આમ, કોંગ્રેસ પાસેથી વધુ ૮ સીટો આંચકી લઈને મતદારોએ ભાજપનો વિજય અપાવ્યો છે. ચૂંટણી પહેલાં કોંગ્રેસની ૨૨માંથી ૧૭ બેઠકો હતી, આજે જાહેર થયેલ પરિણામમાં કોંગ્રેસ ૧૦ બેઠકો ગુમાવીને ફક્ત ૭માં જ વિજય મેળવ્યો છે.

જીલ્લા અને તાલુકા પંચાયતોની પેટા ચૂંટણીઓમાં ભાજપને વિજય અપાવવા માટે પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુએ આભાર માનીને મતદારોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટી રાજ્યના તમામ ક્ષેત્રોમાં વિકાસને યોગ્ય મહત્વ આપીને વિકાસને વધુ તેજ ગતિ આપશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જુનાગઢ જીલ્લાની સુત્રાપાડા તાલુકા પંચાયતમાં ભાજપની સ્પષ્ટ બહુમતી ન હોતી, આજે જાહેર પરિણામોમાં ભાજપે સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી છે. આમ, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ગ્રામ્ય ચૂંટણીઓમાં ૨૨માંથી ૧૫ બેઠકો પ્રાપ્ત કરીને ભાજપે તેનો વિજય વાવટો આગળ વધાર્યો હોવાનું જાડેજાએ જણાવ્યું છે.

મોડેલ સર્વશ્રેષ્ઠ... ● છેલ્લા પાનાનું ચાલુ

આ સીડફાર્મ આગામી દિવસોમાં આ વૃક્ષોના વાવેતરને કારણે એક રિસર્ચ સેન્ટર બને તેવો આશય છે. કોલવડામાં મોડેલ આયુર્વેદ કોલેજ રૂ. ૩૦૦ કરોડથી પણ વધુ ખર્ચે આકાર પામી છે તેના વિદ્યાર્થીઓ માટે આ ઔષધિય વન પૂરક બનશે.

તેમણે જણાવ્યું હતુ કે આજે ૨૨ પ્રકારની ઔષધિના ૪૫૦ જેટલા વૃક્ષોનું વાવેતર થનાર છે. જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કે.કે. પટેલે પણ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વર્તમાન ખેતી પદ્ધતિમાં ટેકનોલોજીનો ઉપીયોગ કરી વધુ ઉત્પાદનલક્ષી ખેતીની હિમાયત કરી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી રમેશભાઈ મંત્રી, કારોબારી સમિતિના શ્રી રામાજી ઠાકોર, વિગેરેએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. આભારવિધિ શ્રી મહાવીરસિંહ વાઘેલાએ કરી હતી.

લુંટારા ફરાર... ● પહેલા પાનાનું ચાલુ

પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે આઈસર કારનો ક્લીનર અગાઉ એક ગુનામાં પકડાઈ ચૂક્યો છે. જેથી તેના પર પોલીસને શંકા છે. આથી ક્લીનરની પૂછતાછ કરવામાં આવી રહી છે. પોલીસે આઈસર ગાડીની શોધખોળ કરવા માટે અલગ અલગ ટીમો બનાવી છે અને તપાસ શરૂ કરી છે.

પ્રથમ રૂર્બન વિલેજ..

● પહેલા પાનાનું ચાલુ

સી.સી. રોડનું નેટવર્ક સવા કરોડના ખર્ચે પેયજળની સુવિધા તેમજ ૧૮ લાખ રૂ. ના ખર્ચે સ્ટ્રીટલાઈટની સુવિધા આ ગામમાં ઉભી કરવામાં આવશે. આ ત્રણેય કામ માટેના વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે પ્રથમ તબક્કામાં ૫૦ ગામોને રૂર્બન વિલેજ તરીકે પસંદગી કરી અને કામો હાથ ધર્યા છે. રાંધેજા એ રાજ્યનું પ્રથમ રૂર્બન વિલેજ બનશે.

મળતી વિગતો પ્રમાણે અદ્યતન સુવિધા સાથેની આ ગટરલાઈન માટે બે પમ્પીંગ સ્ટેશન તેમજ ડીવાટ્સ પ્રકારનું એસ.ટી.પી. પણ બનાવવામાં આવ્યું છે. આ ગટરલાઈનના કામમાં સિમેન્ટ અને ચિનાઈ પાઈપોનો ઉપીયોગ કરવામાં આવ્યો છે.

આ પ્રોજેકટથી રાંધેજા ગામમાં પ્રાથમિક સુવિધાઓમાં વધારો થશે તેમજ ગાંધીનગર નજીક આ ગામ આવેલુ હોવાથી વિકાસમાં વેગ આવશે. બે વર્ષના ટુંકાગાળામાં આ કામગીરી પૂર્ણ થઈ છે. અને આગામી એક વર્ષમાં લગભગ તમામ કામગીરી પૂર્ણ થાય તે રીતે આખુ સમયબદ્ધ આયોજન કરવામાં આવ્યું હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બ્રાન્ડેડ સિંગતેલમાં ભેળસેળ કરનાર આરોપીઓને એક વર્ષની કેદની સજા

ગાંધીનગર, તા. ૨

બ્રાન્ડેડ સિંગતેલમાં ભેળસેળ કરનાર આરોપીઓને કલોલ કોર્ટ દ્વારા એક વર્ષની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે.

રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ભેળસેળિયા તત્ત્વો સામે કરવામાં આવતી કામગીરીના ભાગરૂપે અમદાવાદ ગ્રામ્ય વિસ્તાર વર્તુળ, ગાંધીનગરના ખાદ્ય નિરીક્ષક બી જે પટેલે મે. વેલકમ પ્રોટીન લિ., છત્રાલના વિક્રેતા નવનીતભાઈ વાડીલાલ ભાવસાર પાસેથી સરદાર બ્રાન્ડ સીંગતેલનો નમૂનો લીધો હતો, જે નમૂનો ચકાસણીમાં મોકલવામાં આવતાં અપ્રમાણસર જાહેર થયો હતો. આ કારણે બી જે પટેલ દ્વારા કલોલના જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટની કૉર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કાનૂની કાર્યવાહી બાદ કૉર્ટ દ્વારા આરોપી નવનીતભાઈ વાડીલાલ ભાવસાર તથા મોદી મહેશકુમાર રમણલાલ અને અન્ય આરોપીઓને એક વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૧ હજારનો દંડ તથા જો દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા તથા ઉત્પાદક પેઢીને રૂા. ૧ હજારનો દંડ કરવાનો હૂકમ કર્યો હતો.

ભાજપ મિડીયા સેલના કન્વીનર પદે હર્ષદ પટેલ

અમદાવાદ, તા.૦૨

ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ દ્વારા વિવિધ સેલના પ્રદેશ કન્વીનર તરીકેના નામોની જાહેરાત આજરોજ કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

સેલનું નામ	પ્રદેશ કન્વીનરનું નામ
મીડીયા	ડો. હર્ષદભાઈ પટેલ
ચૂંટણી લીગલ	પરીન્દુભાઈ ભગત (કાકુભાઈ)
ચૂંટણી ડેટા	ભરતભાઈ સોની (કચ્છ)
ચૂંટણી વ્યવસ્થા	મહેશભાઈ કસવાલા
પ્રશિક્ષણ	રાજેશભાઈ પટેલ (આણંદ)
આઈ.ટી.	રાજીકાબેન કચેરીયા
બૌદ્ધિક	જયેશભાઈ વ્યાસ (રાજકોટ)
વ્યાપાર	ટી.એમ. પટેલ (ભાવનગર શહેર)
ઈન્વેસ્ટર	પ્રશાંતભાઈ વાળા (રાજકોટ)
સી.એ.	ઉર્વિશભાઈ શાહ (સી.એ) (કર્ણાવતી)
પંચાયત	જયેન્દ્રસિંહ રાઠોડ (સાબરકાંઠા)
નગરપાલિકા	પ્રદિપભાઈ ખીમાણી (જુનાગઢ)
સાંસ્કૃતિક	આસિતભાઈ વોરા
અન્ય ભાષાભાષી	સુનિલભાઈ સીંઘી
ગૌ સંવર્ધન	બાબુભાઈ દેસાઈ (પૂર્વ ધારાસભ્ય) (બ.કાં.)
લીગલ	જે.જે. પટેલ
ડોક્ટર	વિષ્ણુભાઈ પટેલ (કર્ણાવતી)
માછીમાર	વેલજીભાઈ મસાણી (જુનાગઢ)
સહકાર	માનસીંગભાઈ પટેલ (સુરત)
ઉદ્યોગ	જગદીશભાઈ પંચાલ (ધારાસભ્ય)
શિક્ષણ	ભગુભાઈ પટેલ (બનાસકાંઠા)
વોટર મેનેજમેન્ટ	ભરતભાઈ બોઘરા (પૂર્વ ધારાસભ્ય)
અંત્યોદય	જી.કે.પટેલ (મહેસાણા)
સફાઈ કામદાર	સુનિલભાઈ સોલંકી (વડોદરા શહેર)
માલધારી	અરજણભાઈ રબારી (કચ્છ)
સીનીયર સીટીઝન	કનુભાઈ માવાણી (સુરત)
રમત ગમત	ગૌરાંગભાઈ પટેલ
સાહિત્ય પ્રકાશન	અતુલભાઈ ભાવસાર
હ્યુમન રાઈટ્સ	માધવભાઈ દવે (રાજકોટ)
સંવાદ સેલ	પરાગભાઈ શેઠ

ઈશરત જહાં કેસમાં સીબીઆઈ દ્વારા આજે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં સી.બી.આઈ. આવતીકાલે અમદાવાદ સીબીઆઈ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરનાર હોઈ સૌ કોઈની નજર આ ચાર્જશીટમાં કોના કોના નામોનો ઉલ્લેખ કરાયો છે તેના પર મંડાયેલી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઈસરત જહાં એન્કાઉન્ટર કેસની તપાસ કરી રહેલ સીબીઆઈને હાઈકોર્ટે ૪થી જુલાઈ સુધીમાં ચાર્જશીટ દાખલ કરવા માટેનો આદેશ આપ્યો હતો. જેના પગલે આ કેસમાં સીબીઆઈએ ચાર્જશીટ તૈયાર કરી દીધી છે અને આવતીકાલે અમદાવાદ સીબીઆઈ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવશે અને હાઈકોર્ટમાં આ કેસની તપાસ અંગેનો સ્ટેટસ રીપોર્ટ ૪થી જુલાઈના રોજ રજુ કરવામાં આવશે.

સીબીઆઈ દ્વારા આવતીકાલે કોર્ટમાં ઈશરત જહાં કેસમાં રજુ કરવામાં આવનારી ચાર્જશીટમાં ગુજરાતના કેટલાક પોલીસ અધિકારીઓના નામોનો ઉલ્લેખ કરવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે. જો કે આઈ.બી.ના સ્પેશીયલ જોઈન્ટ ડાયરેકટર રાજેન્દ્રકુમાર સાથે હાલ પુરતા પુરાવા ન હોઈ તેમના નામનો આ ચાર્જશીટમાં ઉલ્લેખ કરવામાં નહી આવનાર હોવાનું જાણવા મળે છે.

કંપની સમાચાર

ડીએચએલ એક્સપ્રેસ ગુજરાતને દુનિયા સાથે જોડીને પૂર્ણ કરેલાં સફળ ૨૫ વર્ષ

દુનિયામાં અગ્રણી એક્સપ્રેસ લોજિસ્ટિક્સ કંપની ડીએચએલ એક્સપ્રેસે ગુજરાતને દુનિયા સાથે જોડીને ૨૫ વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા તેની ઉજવણી કરી રહી છે. ૧૯૮૭માં આરંભથી ડીએચએલ એકસપ્રેસે ગુજરાતના સર્વ મુખ્ય શહેરોમાં તેની હાજરીને વિસ્તારી છે.

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર જેવાં મોટાં શહેરોથી લઈને જામનગર, સુરેન્દ્રનગર, નવસારી, દહેજ જેવા નાનાં શહેરો સુધી ડીએચએલ સેવાઓ ગુજરાતમાં ૧૦૦૦ સ્થળો અને ૬૦ શહેરો તથા મહાનગરોમાં સેવા આપે છે.

ભારતમાં ડીએચએલ એક્સપ્રેસ ગ્રાહકોને રિપેર અને રિટર્ન, સ્ટ્રેટેજિક ઈન્વેન્ટરી મેનેજમેન્ટ અને ડાયરેકટ એક્સપ્રેસ ઈન્વેન્ટરી વિતરણ સહિત આંતરરાષ્ટ્રીય એર એકસપ્રેસથી ઉચ્ચકક્ષાનાં લોજિસ્ટિક્સ નિવારણો સુધીની એક્સપ્રેસ સેવાઓની સંપૂર્ણ ક્ષિતિજ ઓફર કરે છે.

શ્રી જુનેજાએ ઉમેર્યું હતું કે ગુજરાતથી દુનિયાભરનાં મુખ્ય સ્થળો ખાતે શિપમેન્ટ માટે અમે ૪૮ કલાકમાં ડિલિવરી કરીએ છીએ. અમારા ઘરની કસ્ટમ્સ મંજૂરી ક્ષમતાઓ, દષ્ટિગોચરનાં આપતાં સાધનો, ગ્રાહકો અને નિવારણોની સંપૂર્ણ પુરવઠા શૃંખલા પર નિયંત્રણ યુએસ, યુરોપ અને એશિયા સુધી જ નહી પણ આફ્રિકા, લેટિન અમેરિકા જેવા વિકસતા દેશો સુધી છે. જેને લઈ અમારા ગ્રાહકોના મૂલ્યમાં ભરપૂર ઉમેરો થાય છે.

જિલ્લા કલેક્ટરે બહાર પાડેલ જમીન સંપાદન અધિનિયમની કલમ-૪ હેઠળનું પ્રાથમિક જાહેરનામું

જિલ્લા સાબરકાંઠા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

ક્રમાંક : એલએક્યુ / કેસ નં. ૧૧૩, બાયડ

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પુરતા જમીન સંપાદન અધિનિયમનો ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ ૫૨-કની પેટા કલમ(૨)થી સત્તા હેઠળ બહાર પાડેલા તા. ૨૬-૧૦-૭૮ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એ એમ/૭૮/૨૦૯૪/એમ એ ક્યુ / ૧૦૭૮ / ૧૦૮૧-એલએ ૪ થી સદરહું એમ-એમ અધિનિયમના ભાગ ૭ હેઠળ કંપનીઓ માટે જમીન સંપાદન માટે પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની સત્તાઓ સિવાયની કલમ ૪ હેઠળ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની રાજ્ય સરકારની સત્તા જિલ્લા ક્લેક્ટરને સોંપવામાં આવી છે અને સાબરકાંઠા જિલ્લા ક્લેક્ટરને એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીન જાહેર હેતુ : બાયડ થી વૈજનાથ મહાદેવ રોડના કામે કારણસર જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે સદરહું જમીન ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહું જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદરહું સંપાદનના હેતુ સારું સદરહું જમીનમાં કોઇ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી ક્લેક્ટરની મંજુરી વિના વેચાણ વિના પટા, ગીરો, નામફેર વિનીમય દ્વારા અથવા અન્યથા સદરહું જમીનના નિકાલ માટેના અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારણા કરવા માટેનો કાઇ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનમાં ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમની કલમ ૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહું જમીનની ઉપર્યુક્ત હેતુઓ માટે જરૂર છે તો સદરહું અધિનિયમની કલમ ૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં ગુજરાત સરકારી રાજપત્રકમાં પ્રસિદ્ધિ કરવામાં આવશે. સંપાદન અંશતઃ પૂર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત ગુજરાત સરકારી રાજ્ય પત્રકમાં યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

તા. ૧૧-૧૦-૧૯૬૩ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક એલએક્યુ - ૨૨૬૨ - ૬૯૧૭૭ કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમની ૧૮૯૪ની કલમ ૩ના ખંડ-૨ હેઠળ જિલ્લા ક્લેક્ટર સદરહું જમીનના સંબંધમાં સદરહું અધિનિયમની કલમ ૫-ક હેઠળ ક્લેક્ટરના કાર્યો બજાવવા માટે બાયડ તાલુકાનો તે સમયે હવાલો ધરાવતા હોય તેવા ખાસ જમીન સંપાદન અધિકારીને નીમે છે.

અનુસૂચિ - ૧

કેસ નં. ૧/૧૩

જિલ્લો : સાબરકાંઠા **તાલુકો : બાયડ** **ગામ : બાયડ**

જાહેર હેતુ : બાયડથી વૈજનાથ મહાદેવ રોડના કામ સારું

સર્વે નંબર	સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
૧૮૩૯/૨	૦-૧૨-૫૫

(પ્ર. ક. બારહટ)
ખાસ જમીન સંપાદન અધિકારી
સાબરકાંઠા, હિંમતનગર

(બંછાનિધિ પાની)
ક્લેક્ટર
સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર

ક્રમાંક : નામાનિ/હિંમત/૧૪૭/૨૦૧૩